
## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




દોસ્ત, કોરોનાથી નોકરી ધંધો જતો રહ્યો પણ, સાલુ ઇમ્યુનિટી જોરદાર વધી ગઈ...!!

# સોમવારે મુખ્યમંત્રીના નિવાસસ્થાનેથી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

### ''હવે તો બસ એક જ વાત, યોગમય બને ગુજરાત'' થીમ આધારિત આયોજન

### મુખ્યમંત્રીના ફેસબુક પેજ ઉપરથી સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મુખ્યમંત્રીના નિવાસસ્થાનેથી તા. ૨૧મી જુને વિશ્વ યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ''હવે તો બસ એક જ વાત, યોગમય બને ગુજરાત'' થીમ ઉપર ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તા. ૧૪ જુન-૨૦૨૧ થી તા. ૨૦ જુન-૨૦૨૧ દરમિયાન યોગ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે જેને ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તા. ૨૧મી જુને મુખ્યમંત્રીના નિવાસસ્થાને યોજાનાર કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા તેમનો પરિવાર ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન તથા છ યોગ કોચ સાથે કોમન યોગા પ્રોટોકોલથી યોગ કરશે. સમગ્ર કાર્યક્રમનું મુખ્યમંત્રીના ફેસબુક પેજ ઉપરથી જીવંત પ્રસારણ કરવામાં આવશે તેમ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની જણાવાયું છે.

તા. ૨૧ જુન-૨૦૨૧ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી સવારના ૭ કલાકેથી ૭.૪૫ કલાક સુધી એટલે કે ૪૫ મિનિટ સુધી યોજાશે, જેનું મુખ્યમંત્રીના ફેસબુક પેજ ઉપરથી જીવંત પ્રસારણ કરવામાં આવશે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૨૧ જુન-૨૦૨૦ થી ૨૧ જુન-૨૦૨૧ દરમિયાન, ૨૧,૦૦૦ યોગ ટ્રેનરો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી તા. ૨૧ જુન-૨૦૨૧ ના રોજ વિશ્વ યોગ દિવસના સંદર્ભે સવારે ૧૧ કલાકેથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદહસ્તે મુખ્યમંત્રીના નિવાસસ્થાને યોગ ટ્રેનીંગ સફળતાપૂર્વક પુર્ણ કરેલ યોગ કોચ/યોગ ટ્રેનરને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ કાર્યક્રમનું પણ સવારે ૧૧ કલાકેથી મુખ્યમંત્રીના ફેસબુક પેજ ઉપરથી જીવંત પ્રસારણ કરવામાં આવશે. વિડીયો કોન્ફરન્સ મારફતે દરેક જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ રૂમ ખાતે હાજર રહેલ ૨૦ યોગ કોચ ટ્રેનરને પણ જિલ્લાકક્ષાએથી પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમાં સંબંધિત જિલ્લા કલેક્ટરો ઉપસ્થિત રહેનાર છે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રમતગમત વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સભ્યો ઉપસ્થિત રહેનાર છે, તે ઉપરાંત રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અધિક મુખ્ય સચિવ સી.વી. સોમ ઉપસ્થિત રહેનાર છે.

## ખૂણેખાંચરેથી

- આજે શહેરમાં એક સાથે ૭૭ સનદી અધિકારીઓની બદલીના હુકમો જારી થયા હોવાથી આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન રહ્યો હતો.
- ૨૮મીના રોજ માણસા તા.પં.ની સામાન્ય સભા મળશે.
- ૨૨મીએ જિલ્લા શિક્ષણ સમિતિની બેઠક જિલ્લા પંચાયત ખાતે મળશે.
- ૨૧મીએ જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને લેન્ડ ગ્રેબીંગ એક્ટની જિલ્લા સમિતિની બેઠક મળશે જેમાં ૨૫ થી વધુ અરજીઓ પર વિચારણા હાથ ધરાશે.
- ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ જિલ્લાતંત્રએ તેની કવાયત શરૂ કરી દીધી છે.
- ત્રીજો શનિવાર મહિનાનો હોવાથી તંત્રનો આખો દિવસ મિટીંગોમાં પસાર થયો હતો.
- ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે રૂપાલ પ્રા.આ. કેન્દ્ર ખાતે વેક્સિનેશનનો પ્રથમ ડોઝ લીધો હતો.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૮૪૭ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.
- ઉચ્ચ સનદી અધિકારી ગુરૂપ્રસાદ મહાપાત્રાના અવસાનને પગલે સચિવાલય સંકુલમાં આજે સન્નાટો જોવા મળ્યો હતો.

# કોરોના મહામારી સામેના યુદ્ધમાં ''યોગ એ જ કલ્યાણ''

### સાતમા વિશ્વ યોગ દિનના સંદર્ભે શહેરના યોગ-પ્રાણાયામ વિશેષજ્ઞોનો મત

ગાંધીનગર, તા. ૧૯

કોરોના મહામારીએ સમગ્ર વિશ્વને હચમચાવી મુક્યું છે પરંતુ તે સાથે સાથે ભારતીય સંસ્કૃતિની દેન એવા આર્યુવેદ તથા યોગ-પ્રાણાયામનું માનવીના સ્વાસ્થ્ય માટે શું મહત્વ છે તે પણ સમજાવી દીધું છે. આજે સમગ્ર વિશ્વ સ્વસ્થ જીવનશૈલી માટે યોગના શરણે જઈ રહ્યું છે અને આગામી તા. ૨૧મી જુને સોમવારે વિશ્વભરમાં સાતમા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગરમાં નાગરિકોને યોગ-પ્રાણાયામની તાલીમ આપવા સાથે સંકળાયેલા અગ્રણીઓ પાસે ''કોરોના કાળમાં યોગ દિવસના મહત્વ'' અંગે જાણવા પ્રયાસ કરાયો છે.

●●●



''યોગ ભારતીય સંસ્કૃતિની દેન છે, કોરોનાના સમયમાં દરેક વ્યક્તિએ યોગ કરવો ખૂબ જરૂરી છે. યોગ-પ્રાણાયામ કરવાથી શરીરમાં પ્રાણવાયુનું સ્તર વધે છે, ફેફસાં મજબૂત બને છે. જે વ્યક્તિના ફેફસાં નબળાં હોય કે કોઈ બિમારી હોય તેને જ કોરોના નુકસાન પહોંચાડે છે. યોગ-પ્રાણાયામ કરવાથી ફેફસાં મજબૂત બને છે, બિમારીઓ દૂર થાય છે માટે કોરોનાથી બચવા માટે યોગ કરવા ખૂબ જરૂરી છે, આવો વિશ્વ યોગ દિને સૌ સાથે મળીને યોગ કરીએ.''

**- યોગસેવક શીશપાલજી**
**ચેરમેન ગુજરાત રાજ્ય યોગ બોર્ડ**

●●●



આજકાલ યોગ અંગે ખૂબ જ ચર્ચા અને સંશોધન થઈ રહ્યા છે, યોગ એક સંપૂર્ણ જીવન શૈલી છે એવું મહર્ષિ પતંજલિએ યોગ દર્શનમાં સમજાવ્યું છે જે પૈકી વ્યાયામ યોગ એટલે કે આસન અને પ્રાણાયામ આજે આપણા સૌના માટે ખૂબ જ ઉપયોગી છે. ખાસ કરીને છેલ્લાં દોઢેક વર્ષથી આપણે સૌ અર્થાત સમગ્ર માનવ સમાજ કોરોના જેવી મહામારી સામે લડી રહ્યાં છીએ ત્યારે વ્યાયામ યોગ આપણા સૌના માટે એક મજબૂત અને અસરકારક હથિયાર સાબિત થયું છે. આવો આપણે સૌ નિયમિત વ્યાયામ યોગ દ્વારા આપણું સ્વાસ્થ્ય સારુ અને મજબૂત બનાવીએ અને રાખીએ. જેથી આપણો પરિવાર આપણો સમાજ અને રાષ્ટ્ર તેમજ વિશ્વભરમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ વધે.

**- વિરમદેવ આર્ય**
**યોગ સેવક, જીવન યોગ શિક્ષા મિશન**

●●●



યોગ એટલે સંસ્કૃત શબ્દ યુજ ધાતુ પરથી આવેલ છે. યોગનો અર્થ જોડવું થાય છે. માનવ મનની ચેતનાને ચેતનતત્વ પરમપિતા પરમાત્મા સાથેના જોડાણની વાત એટલે યોગ... વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીમાં યોગ, પ્રાણાયમ અને આયુર્વેદનું શરણ ઉપકારક બની રહ્યું છે. યોગાસન દ્વારા તનની તંદુરસ્તી અને પ્રાણાયામ દ્વારા મનનું માધુર્ય મ્હાલી શકાય છે. ભસ્ત્રિકા, કપાલભાતિ, અનુલોમ-વિલોમ, ભ્રામરી, પ્રાણાયામ દ્વારા શરીરમાં ઓક્સીજનનું લેવલ વધારી શકાય છે.

**- ગિરીશ આર્ય**
**શિક્ષક અને વૈદિક યોગ પ્રચારક**

●●●



યોગ આપણી શારિરીક અને માનસિક તંદુરસ્તી અને આધ્યાત્મિક ઉન્નતી માટે છે. હાલના કોરોના કાળમાં યોગ થકી શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે અને આવેલા પરિવર્તનનો માનસિક રીતે સ્વીકાર કરી, શાંત થઈને યોગ્ય દિશામાં આગળ વધવાની સ્પષ્ટતા મળે છે. એવા આસનો અને પ્રાણાયામ જે ફેફસાની ક્ષમતા વધારે છે અને ધ્યાન દ્વારા માનસિક શાંતિ હાલના સમયમાં ખૂબ જ ઊપયોગી છે.

**- મીના પરમાર**
**આર્ટ ઓફ લીવીંગ યોગ શિક્ષક અને ગુજરાત સ્ટેટ યોગ બોર્ડમાં યોગ કોચ**

●●●



કોરોનાની મહામારીના આ સમયમાં શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખવું પણ ખૂબ જ આવશ્યક છે. યોગ (વ્યાયામ તથા પ્રાણાયામ) શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે માનવીને માનસિક મજબૂતી પણ પ્રદાન કરે છે

આમ આ સમયગાળામાં યોગ એક જડીબુટ્ટી સમાન છે. નાસિકા ગળા અને ફેફસામાં કોરોના વાયરસ અસર કરે છે આ અસરને નાબુદ કરવાની સાથે સાથે યોગ-પ્રાણાયામ મનુષ્યની ઈમ્યુનિટી વધારે છે.

**- કાનજીભાઇ બાવરી**
**યોગાચાર્ય, ડિવાઇન યોગ, સે.૭**

# આઈ.એમ. વડાપાઉંની ફ્રેન્ચાઈઝી નામે લાખો પડાવ્યા

આઈ.એમ વડાપાઉંની ફ્રેન્ચાઈઝી આપી વેચાણમાં ૧૨ ટકા આપવાની લાલચ આપીને અનેક વ્યકિતઓ પાસેથી લાખો રૂપીયા ઉઘરાવી કરોડો રૂપીયાનું ફુલેકુ ફરેવી નાંખ્યું છે. આ શખ્સે ફ્રેન્ચાઈઝી દીઠ રૂ.૫ થી ૧૫ લાખ પડાવ્યા હોવાનું સામે આવ્યું છે. કોરોનાની મંદીના સમયે આ ભેજાબાજ મહાઠગે ગાંધીનગરના એક વેપારી પાસેથી પણ લાખો રૂપીયા પડાવ્યા છે. વડાપાઉની ફ્રેન્ચાઈઝી આપી તેમાં દુકાનનું ભાડું, કારીગરોનો પગાર, મટીરીયલ્સ અને બિલના ખર્ચા પણ ચુકવવાની લાલચ આપી અનેક વ્યકિતઓ આ ઠગની જાળમાં ફસાયા છે.ત્યારે આ મહાઠગ સામે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના ચાંગોદર ખાતે ગ્રાન્ટ યુનિટી હોટલ ખાતે મેનેજર તરીકે ફરજ બજાવતા અને ગાંધીનગર ધોળેશ્વર આવાસ રીવરફ્રન્ટ ખાતે રહેતા ૪૨ વર્ષિય બીધાન નિરંજન સેન પોતાના પરિવાર સાથે રહે છે. બીધાનભાઈએ વર્ષ ૨૦૧૯માં આઈ એમ વડાપાઉં વેબ સાઈટ સર્ચ કરીને કેટલીક માહિતી મેળવી હતી. વેપાર ધંધાની માહિતી હોવાથી તેનો અભ્યાસ કરીને ફ્રેન્ચાઈઝી માટે રાજેશ નામના વ્યકિત સાથે ટેલીફોનીક વાત થતા તેણે રૂબરુ મળવા માટે કહ્યું હતું. ત્યારબાદ રાજેશ નામનો વ્યકિત ફરીયાદીને ગાંધીનગર ઈન્ફોસીટી ખાતે મળવા માટે આવ્યો હતો. રાજેશ એક આઈ એમ વડાપાઉના આઉટલેટ માટે રૂ.૭ લાખ ભરવા પડશે તેમ જણાવ્યું હતું. જયારે કંપની આઉટલેટ ચલાવશે અને વેચાણના ૧૨ ટકા લેખે તમને દર માસે નાણા મળી જશે. ત્યારબાદ એજન્ટ તરીકે કામ કરતા રાજેશભાઈએ ફરીયાદીને વસ્ત્રાપુર આઉટલેટ પર બોલાવી માહીતી આપી હતી કે તમારે કોઈપણ જગ્યાએ ફ્રેન્ચાઈઝી મેળવવી હોય તો રૂ.૭ લાખ આપવા પડશે,જયારે તમે જે જગ્યાએ દુકાન કહેશો તે સ્થળ પર આપને દુકાન શોધી આપીશુ. જયારે દુકાનનું ભાડુ, સ્ટાફનો પગાર, ચીજવસ્તુઓ અમે પુરા પાડીશુ. જયારે ફ્રેન્ચાઈઝી સાથે એગ્રીમેન્ટ કરાર કરવો પડશે. જેથી વિચાર કર્યા બાદ જણાવીશ તેમ કહીને બીધાન પરત ફર્યા હતા. ત્યારબાદ નવેમ્બર-૨૦૧૯માં વડાપાઉંની ફેન્ચાઈઝી માટે તેના માલિક પીનોઈ જીતેન્દ્ર પંડયાને રૂબરુ મળ્યા હતા. રીલાયન્સ ચોકડી પાસે પ્રમુખ આર્કેડમાં એ-૧૨ દુકાન નક્કી થયા બાદ તેનું ભાડુ અને ડીપોઝીટ પણ કરાર થયા મુજબ ચુકવી દીધુ હતું. જયારે વડાપાઉનું આઉટલેટ ખોલવા માટે રૂ.૭ લાખ અને ૨૦ શરતોનું એગ્રીમેન્ટ ફરીયાદી અને પીનોઈ પંડયા વચ્ચે થયું હતું અને રૂપીયા પણ આપ્યા હતા.જયારે તા.૨૫ ડિસેમ્બરના રોજ આઈએમ વડાપાઉ આઉટલેટનું ઉદ્‌ઘાટન થયું હતું. ત્યારબાદ આઈએમ વડાપાઉંની બીજી ફ્રેન્ચાઈઝી લેવા માટે વિજય ચાર રસ્તા દુકાન ખાલી પડી છે તેમ પીનોઈ પંડ્યા એ કહ્યુ હતું. જયારે વિજય ચાર રસ્તા પાસે બીજી ફ્રેન્ચાઈઝી લીધી હતી જેના માટે રૂ.૬ લાખનો ચેક અને રૂ.૧ લાખ રોકડા આપ્યા હતા. ત્યારબાદ ગણતરીના દિવસોમાં બંન્ને આઉટલેટ પર પિનોઈ પંડયાએ માલસામાન તેમજ કર્મચારીઓ મોકલવાનું બંધ કરી દીધુ હતુ. હાલ સામાન કે કર્મચારી નથી તેમ જણાવી ઉડાઉ જવાબ આપવાના શરુ કરી દીધા હતા. ત્યારબાદ ફ્રેન્ચાઈઝીની લાલચ આપી અનેક નાગરીકોને છેતરનાર પાસે રૂપીયાની ઉઘરાણી શરુ કરી હતી. જયારે તેણે સતત ઉઘરાણી કરતા ફરીયાદી પાસેથી જબરજસ્તી સમાધાન લખાવી રૂ.૧૪ લાખમાંથી માત્ર ૨ લાખ પરત કર્યા હતા. ત્યાર પછી એક પણ રૂપીયો ન આપતા આઈએમ વડાપાઉના સંચાલક પીનોઈ પંડયા સામે કેસ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સેકટર-૩ બી ખાતે ખાડામાં ગરકાવ ગાયને ફાયર ટીમે બચાવી

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં પ્રથમ વરસાદથી ઠેર ઠેર ભુવા અને ખાડા નજરે પડી રહ્યા છે. વરસાદી માહોલે તંત્રની પ્રિ-મોન્સુનની કામગીરીની પોલ ખોલી નાંખી છે. ત્યારે શહેરના સેકટર-૩ બી પ્લોટ નં. ૧૩૬૪-૨ રહેણાંક ઘર પાસે અચાનક ઉંડો અને મોટા ખાડો પડ્યો હતો. આ ખાડામાં ગાય પડી જતા સ્થાનિક વસાહતીઓ તેમજ ગૌ પ્રેમીઓએ ભારે મહેનત કરી હતી.

પરંતુ ગાય બહાર ન નીકળતા આખરે ફાયર ટીમને કોલ કરીને બોલાવી હતી. ત્યારે ફાયરના જવાનોએ અડધા કલાકની ભારે જહેમત બાદ ગાય ને હેમખેમ બહાર નીકાળી હતી. ગાય સહી સલામત બહાર આવતા સ્થાનિકો તેમજ ગૌ પ્રેમીઓમાં આનંદ છવાયો હતો. કપરી કામગીરી બદલ સૌ કોઈ વસાહતી ભાઈ બહેનોએ ફાયર ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

## ઝુંડાલ પાસેથી રીઢો વાહનચોર ઝડપાતા સાત વાહન ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર અડાલજ નજીક ઝુંડાલ કેનાલ પાસેથી રીઢા વાહનચોરને એકટીવા સાથે એલીસીબી-૨ પોલીસે દબોચી લીધો છે. એલસીબી પોલીસે વાહનચોરની કડક પુછતાછ કરતા વાહનચોરીના ૭ ગુનાનો ભેદ ઉકેલાયો છે.

ગાંધીનગર અડાલજ તેમજ કલોલ વિસ્તારમાં લુંટની ઘટનાઓ બનતી રહેતી હોવાથી જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી એલસીબી-૨ પીએસઆઈ એચ.પી.જાડેજા તેમજ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે સમયે પોલીસને બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીના એકટીવા (નં.જી.જે.૧૮.સી.જી.૪૭૧૫) ઝુંડાલ કેનાલ નજીક થી પસાર થવાનો છે. જેથી પોલીસે વોચ ગોઠવી ચોરીના એકટીવા સાથે રીઢા વાહનચોર કૃણાલ ધિરજ સિંગલ (રહે. અગોલ રોહિતવાસ, તા.કડી. જી.મહેસાણા, મુળ સાણંદ)ની પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. એલસીબી ઓફિસ ખાતે લાવીને આરોપીની પુછતાછ કરતા તે ભાગી પડ્યો હતો. તેની પાસે મળી આવેલ એકટીવા તેણે પથિકાશ્રમ પાસેથી ચોરી કર્યું હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત અન્ય ૬ વાહન ચોરીના ગુનાનો ભેદ પણ ઉકેલાઈ ગયા છે. જયારે રીઢા વાહનચોર પાસેથી બે માસ્ટર કી મળી મળી આવી હતી. આરોપીએ સિવિલ, એસટી ડેપો કલોલ, સાંતેજ, છત્રાલ, મહેસાણા અને અડાલજ વિસ્તારમાંથી ૭ વાહચોરી કર્યા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. પોલીસે આરોપી પાસેથી ૫ વાહનો કબ્જે કર્યા હતા. રીઢો વાહનચોર અગાઉ વિવિધ પોલીસને હાથે પકડાઈ જતા જેલની હવા પણ ખાઈ આવ્યો છે. જયારે જેલમાંથી બહાર આવ્યા બાદ તે ફરીવાર વાહનચોરીના રવાડે ચડ્યો હતો.



શહેર કોંગ્રેસના કાર્યકરો દ્વારા ગાંધીનગર મહાનગરમાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીના જન્મદિવસે લોકસેવા અંતર્ગ ફળ, બિસ્કિટ, ચોકલેટ, માસ્ક, સેનેટાઈઝર, સાબુ વિતરણ કરવા સાથે વૃક્ષારોપણ જેવા કાર્યો કરી ઉજવણી કરવામાં આવી હતી.

## ઉચ્ચ સનદી અધિકારી ગુરૂપ્રસાદ મહાપાત્રા કોરોના સામે જંગ હારી ગયા

ગાંધીનગર, તા. ૧૯

વરીષ્ઠ સનદી અધિકારી ગુરૂપ્રસાદ મહાપાત્રા કોરોના સામેનો જંગ હારી ગયા. દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં છેલ્લા દોઢ માસથી મહાપાત્રા સારવાર લઈ રહ્યા હતા. જ્યાં આજે વહેલી સવારે તેમણે અંતિમ શ્વાસ લીધો હતો. સદ્‌ગતના મૃત્યુના સમાચારથી સનદી અધિકારીઓમાં ભારે શોકની લાગણી પ્રસરી હતી.



૧૯૮૬ની બેચના આઈ.એસ. ઓફિસર ગુરૂપ્રસાદ મહાપાત્રાએ અગાઉ રાજકોટ-જૂનાગઢના કલેકટર તરીકે, અમદાવાદ કોર્પોરેશનમાં કમિશનર તરીકે અને સચિવાલયમાં અલગ અલગ વિભાગોમાં સચિવ તરીકેની જવાબદારી ખુબ જ સફળતાપૂર્વક નિભાવી હતી. છેલ્લા ૭ વર્ષથી ભારત સરકારના કોમર્સ વિભાગના સચિવ તરીકે કાર્યરત હતા. અગાઉ એરપોર્ટ ઓથોરીટીના ચેરમેન તરીકેની તેમની સેવાઓ નોંધપાત્ર રહી હતી. અસરકારક કામગીરી માટે જાણીતા મહાપાત્રા ગુજરાત સરકારના મુખ્ય સચિવ તરીકે પણ તેમનું નામ ચર્ચામાં હતું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મહાપાત્રાના નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે મહાપાત્રાના અવસાનથી ગુજરાતે એક સંનિષ્ઠ અધિકારી ગુમાવ્યા છે.



સોમનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શહેરમાં આજે જુદી જુદી જગ્યાએ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વરસાદી મોસમ જામી છે. ત્યારે નવા રોપાઓની વાવણી કરવા માટે પણ નાગરિકો પ્રોત્સાહી થયા છે. આ દરમિયાન ભુદેવોએ અલગ અલગ ધાર્મિક સ્થાનોએ નવા રોપાઓની વાવણી કરી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ